તે દીનાર, જે તમે અલ્લાહના માર્ગમાં ખર્ચ કરો છો અને તે દીનાર જે તમે એક ગુલામને આઝાદ કરવા માટે ખર્ચ કરો છો, તેમજ તે દીનાર, જે તમે એક લાચાર પર ખર્ચ કર્યો અને એક દીનાર જે તમે પોતાના ઘરવાળાઓ માટે ખર્ચ કર્યો, સવાબરૂપે આ દરેક દીનારમાં સૌથી ઉત્તમ તે દીનાર છે, જે પોતાના ઘરવાળાઓ માટે ખર્ચ કરવામાં આવે

અબૂ હુરૈરહ રઝી અલ્લાહુ અન્હુ રિવાયત કરે છે, તેઓએ કહ્યું: નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું: «તે દીનાર, જે તમે અલ્લાહના માર્ગમાં ખર્ચ કરો છો અને તે દીનાર જે
તમે એક ગુલામને આઝાદ કરવા માટે ખર્ચ કરો છો, તેમજ તે દીનાર, જે તમે એક લાચાર પર ખર્ચ કર્યો અને એક દીનાર જે તમે પોતાના ઘરવાળાઓ માટે ખર્ચ કર્યો, સવાબરૂપે આ દરેક
દીનારમાં સૌથી ઉત્તમ તે દીનાર છે, જે પોતાના ઘરવાળાઓ માટે ખર્ચ કરવામાં આવે».
[સહીહ (આ હદીષ સાચા દરજજાની છે)] [આ હદીષને ઈમામ મુસ્લિમ રહિમહુલ્લાહએ રિવાયત કરી છે]

આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ ખર્ચ થનાર કેટલાક દીનારના પ્રકાર વર્ણન કર્યા, એક તે દીનાર, જે જિહાદ માટે અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવામાં આવે છે અને એક તે દીનાર, જે એક ગુલામને ગુલામીથી આઝાદ કરવા માટે ખર્ચ કરવામાં આવે, એક તે દીનાર, જે એક લાચાર પર ખર્ચ કરવામાં આવે, અને એક તે દીનાર, જે પોતાના ઘરવાળાઓ, પત્ની અને બાળકો પર ખર્ચ કરવામાં આવે, પછી આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ જણાવ્યું કે આ દરેકમાં સૌથી ઉત્તમ દીનાર, જે પોતામાં ઘરવાળાઓ માટે ખર્ચ કરવામાં આવે, અને આ ખર્ચ જરૂરી ખર્ચ છે.

http://www.sunnah.global/hadeeth/gu/show/5813